بسم اللہ الرحمن الرحیم نحمدہ و نصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود
لا الہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصاراللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com
نمبر حوالہ/Ref ______ تاریخ/Date ______

# તવક્કુલ અલલ્લાહના સંદર્ભે
# હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામનું પાકીઝા ઉદાહરણ

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

***સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.***
***તા. 25 સપ્ટેમ્બર 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝૂર અનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝે એ ફરમાવ્યું: ગયા કેટલાક ખુત્બાઓમાં હું આંહઝરત (સ.અ.વ.)ની સીરતના વર્ણનમાં આપના ઉચ્ચતમ આદર્શ અને ઉત્તમ નમૂનાને રજૂ કરતો રહ્યો છું.

આ જમાનામાં આપના સચ્ચા અને વફાદાર ગુલામે આપના આદર્શને અનુસરીને તેને આપણા માટે કેવી રીતે સમજાવ્યો, શું શિક્ષણ આપ્યું અને તેના પર કેવી રીતે અમલ કરીને બતાવ્યો? આ સંદર્ભમાં આજે હું કંઈક વર્ણન કરીશ.

હઝરત અકદસ મસીહ મૌઉદ અલૈહિસ્સલામ ફરમાવે છે કે તવક્કુલનો અર્થ એ છે કે અલ્લાહ તઆલાએ કોઈ કાર્યને પ્રાપ્ત કરવા માટે જે સાધનો અને ઉપાયો નક્કી કર્યા છે, તેમને પોતાની પૂરી શક્તિ મુજબ એકત્ર કરો અને ત્યારબાદ દુઆઓમાં લાગી જાઓ કે: "હે ખુદા! તું જ આ કાર્યનું અંત સારું કર." અસંખ્ય આફતો અને હજારો મુશ્કેલીઓ એવી છે કે જે આ સાધનોને પણ નષ્ટ કરી શકે છે અને તેમની સ્થિતિને સંપૂર્ણપણે બદલી શકે છે. આપણને આ આફતોની અસરથી બચાવે અને સાચી સફળતા તથા આપણી મંઝિલ સુધી પહોંચાડે.

હુઝૂર અનવરે સ્પષ્ટ કર્યું કે માણસ પોતાની તરફથી જરૂરી સાધનો અને ઉપાયોનો ઉપયોગ કરે છે, પરંતુ ઘણી એવી મુશ્કેલીઓ અને પરિસ્થિતિઓ ઊભી થઈ શકે છે જેમાં તે સાધનો, જેના પર માણસ આધાર રાખતો હોય છે, નષ્ટ થઈ જાય છે. તેથી અલ્લાહ તઆલા પાસેથી મદદ માંગવી જોઈએ કે તે આપણને તેમની

ખરાબ અસરો અને નુકસાનથી બચાવે. આ તે સ્થિતિ છે જેના પર ચાલીને એક મોમિન અલ્લાહ તઆલાના ફઝલો પ્રાપ્ત કરનાર બની શકે છે.

હઝરત અકદસ મસીહ મૌઉદ અલૈહિસ્સલામ ફરમાવે છે: "અલ્લાહ તઆલાથી રાજી થઈ જવું દરેક વ્યક્તિનું કામ નથી, પરંતુ આ તો તવક્કુલ તબતીલની એવી સ્થિતિ છે કે ખુદા તરફ સંપૂર્ણ ધ્યાન અને રઝા તથા સમર્પણનું ઉચ્ચ સ્થાન છે જ્યાં પહોંચ્યા પછી માણસને પોતાના માલિક તરફથી કોઈ પ્રકારની ફરિયાદ કે શિકાયત રહેતી નથી. અને અલ્લાહ તઆલાનું પોતાના બંદા પ્રત્યે રાજી થવું બંદાની સંપૂર્ણ સચ્ચાઈ, વફાદારી, ઉચ્ચ કક્ષાની પવિત્રતા અને પાકીઝગી તથા સંપૂર્ણ આજ્ઞાપાલન પર આધારિત છે. આ પરથી જાણવા મળે છે કે સહાબાએ મઆરિફત અને આધ્યાત્મિક માર્ગના તમામ દરજ્જાઓ પાર કરી લીધા હતા અને અલ્લાહ તઆલા સાથે સંબંધ તથા તવક્કુલનું એવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જેને આપણા માટે આદર્શ બનાવવામાં આવ્યું છે.

હુઝૂર અનવરે ફરમાવ્યું કે આપ પોતાના અનુયાયીઓને પ્રસંગ અનુસાર તવક્કુલની નસીહત કરતા રહેતા હતા. એક રિવાયત આવે છે કે હઝરત માસ્ટર નઝીર હુસૈન સાહેબ (રઝિ) વર્ણવે છે કે હઝરત અકદસ અલૈહિસ્સલામે ફરમાવ્યું: "એવું ન સમજશો કે અલ્લાહ તઆલા કમજોર છે. તે ખૂબ જ શક્તિશાળી છે. જ્યારે તમે કોઈ કાર્યમાં તેના પર ભરોસો રાખશો, ત્યારે તે ચોક્કસ તમારી મદદ કરશે." જેમ કે તે પોતે ફરમાવે છે: وَمَن يَتَوَكَّلْ عَلَى اللَّهِ فَهُوَ حَسْبُهُ "અને જે કોઈ અલ્લાહ પર તવક્કુલ કરે છે, તો અલ્લાહ તેના માટે પૂરતો છે."

સદાચારી લોકોના ગુણોનું વર્ણન કરતાં હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામ ફરમાવે છે કે એક સ્થાન તવક્કુલનું સ્થાન છે, જેના પર તેમને ખૂબ મજબૂતીથી સ્થાપિત કરવામાં આવે છે અને તેમના સિવાય બીજાને તે શુદ્ધ ઝરણું ક્યારેય પ્રાપ્ત થઈ શકતું નથી. પરંતુ તેમના માટે જ તે સુખદ અને અનુકૂળ બનાવવામાં આવે છે. અને મઆરિફતનો પ્રકાશ તેમને એવી રીતે સંભાળી રાખે છે કે ઘણી વખત તેઓ વિવિધ પ્રકારની નિઃસાધનતાની સ્થિતિમાં હોય છે અને સામાન્ય સાધનો દ્વારા પોતાને દૂર અને અસહાય અનુભવે છે, છતાં પણ તેઓ એવી પ્રસન્નતા અને મનની શાંતિ સાથે જીવન પસાર કરે છે અને એવી ખુશહાલીથી પોતાના દિવસો વિતાવે છે કે જાણે તેમની પાસે હજારો ખજાના હોય. તેમના ચહેરા પર સમૃદ્ધિ અને સંપત્તિની તાજગી દેખાય છે અને ધનવાન વ્યક્તિ જેવી સ્થિરતા અને સંતોષ તેમના વર્તનમાં જોવા મળે છે. મુશ્કેલીઓની સ્થિતિમાં પણ તેઓ ખૂબ જ ખુલ્લા દિલથી અને સંપૂર્ણ વિશ્વાસ સાથે પોતાના કરીમ મોલા અલ્લાહ તઆલા પર ભરોસો રાખે છે.

હુઝૂર અનવરે ફરમાવ્યું કે અલ્લાહ તઆલા સાથે સંબંધ છે, તો મુશ્કેલીઓ અને તકલીફોમાં પણ તેઓ અલ્લાહ તઆલા પર ભરોસો રાખે છે અને તેનાથી દૂર જતા નથી. તેમના મનમાં એવું નથી આવતું કે ખબર નથી આ શું થઈ રહ્યું છે, શું નથી થઈ રહ્યું— કસોટી છે, પરીક્ષા છે કે સજા છે? જો અલ્લાહ તઆલા પર સંપૂર્ણ તવક્કુલ હોય અને અલ્લાહ તઆલાના હકો અદા કરવામાં આવી રહ્યા હોય, તો નિશ્ચિતપણે અલ્લાહ તઆલા પોતાના ફઝલોથી નવાજે છે.

આપ (અ) ફરમાવે છે કે તવક્કુલ કરનારા અને ખુદા તરફ ઝુકનારા ક્યારેય નષ્ટ થતા નથી. જે માણસ માત્ર પોતાની જ કોશિશોમાં લાગેલો રહે છે, તેને અપમાન સિવાય બીજું શું પ્રાપ્ત થઈ શકે?

જ્યારથી દુનિયા અસ્તિત્વમાં આવી છે, ત્યારથી અલ્લાહ તઆલાની સુન્નત હંમેશાં એવી જ ચાલી આવી છે કે જે લોકો દુનિયાને છોડે છે, તેઓ તેને પ્રાપ્ત કરે છે; અને જે લોકો દુનિયાની પાછળ દોડે છે, તેઓ તેનાથી વંચિત રહી જાય છે. જે લોકો ખુદા તઆલા સાથે કોઈ સંબંધ ધરાવતા નથી, તેઓ જો થોડા દિવસ મકર અને છેતરપિંડી દ્વારા કંઈક પ્રાપ્ત કરી પણ લે, તો પણ તે નિરર્થક છે. કારણ કે અંતે તેમને ભારે નિષ્ફળતાનો સામનો કરવો પડે છે. ઇસ્લામમાં શ્રેષ્ઠ લોકો એ જ રહ્યા છે, જેમણે દીનની સરખામણીએ દુનિયાની કોઈ પરવા કરી નથી.

હુઝૂર અનવરે ફરમાવ્યું કે જ્યારે ખુદા તઆલા પર તવક્કુલ જ ન હોય અને દીનને દુનિયા પર અગ્રતા આપવાનો વિચાર જ ન હોય—જેનો આપણે દરેક અહદમાં પુનરોચ્ચાર કરીએ છીએ અને ખુદ્દામુલ અહમદિયા ઇજતેમામાં પણ કરીશું—તો પછી આ માન્યતાઓ અને ઈમાનની નબળાઈ એવા વ્યક્તિને આવનાર દુનિયાની ને'મતોથી પણ વંચિત રાખશે. તેઓએ આ દુનિયાને જ બધું સમજી લીધું અને તેને પ્રાપ્ત કરવાની કોશિશ કરતા રહ્યા. કેટલાકને તે મળી પણ ગઈ, જ્યારે કેટલાક તેને પ્રાપ્ત કરવાની કોશિશમાં જ આ દુનિયાથી વિદાય પામી ગયા અને નિષ્ફળ રહ્યા. અથવા દુનિયા મળી પણ ગઈ તો ત્યારબાદ તે નષ્ટ થઈ ગઈ અને પછી તેમણે દુન્યવી રીતે અઝાબભર્યું જીવન પસાર કર્યું. ન દીનના રહ્યા અને ન દુનિયાના રહ્યા. આ સંદર્ભમાં એક શાયરે કહ્યું છે: 'ન ખુદા હી મિલા, ન વિસાલે સનમ!'

હુઝૂર અનવરે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત અકદસ મસીહ મૌઉદ અલૈહિસ્સલામનું નામ પોતે 'મુતવક્કિલ' રાખ્યું છે. ચુનાંચે આપ (અ) ફરમાવે છે: મસીહના નુઝૂલની નિશાની આ લખવામાં આવી છે કે તેના બંને હાથ બે ફરિશ્તાઓની પાંખો પર હશે. આ વાત તરફ સંકેત છે કે તેના જમણા અને ડાબા હાથ—જે બુદ્ધિજન્ય જ્ઞાન પ્રાપ્ત કરવા અને આંતરિક નૂર પ્રાપ્ત કરવાનું માધ્યમ છે—આસમાની મોકૂલો જેને કામ સોંપવામાં આવે  એટલે કે એવા ફરિશ્તાઓના સહારે હશે જેમને કોઈ કાર્ય સોંપવામાં આવે છે. બુદ્ધિના જ્ઞાન, આંતરિક નૂર અને મઆરિફતની દીનની વાતો તેને આ માધ્યમથી પ્રાપ્ત થશે; એટલે કે ફરિશ્તાઓની મદદથી થશે. બંને ફરિશ્તાઓ પર હાથ રાખવાનો આ જ અર્થ છે કે તે તેમના સહારે રહેશે. તે માત્ર મકતુબ, પુસ્તકો અને મશાએખ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરશે નહીં, પરંતુ ખુદાયે તઆલા પાસેથી ઇલ્મે લદુન્ની પ્રાપ્ત કરશે; એટલે કે એવું જ્ઞાન પ્રાપ્ત કરશે જે અલ્લાહ તઆલા પોતે જ શીખવશે. તેની જીવનની જરૂરિયાતોનો પણ અલ્લાહ તઆલા જ સંભાળનાર અને જવાબદાર હશે. જેમ કે લગભગ દસ વર્ષ પહેલાં આપનું આ ઇલ્હામ પ્રકાશિત થઈ ચૂક્યું છે:
અર્થાત્: 'તું અમારી આંખોની સામે છે. અમે તારું નામ 'મુતવક્કિલ' રાખ્યું અને પોતાની તરફથી તને જ્ઞાન શીખવ્યું છે.'

દુઆ અને તવક્કુલના સંબંધમાં આપ (અ) ફરમાવે છે કે તમામ મુશ્કેલીઓની ગાંઠો દુઆ દ્વારા ખુલી જાય છે. આપણા હાથમાં પણ જો કોઈની ભલાઈ અને શુભેચ્છા છે તો તે શું છે? માત્ર એક દુઆનું સાધન જ છે, જે ખુદા એ આપણને આપ્યું છે—પછી તે મિત્ર માટે હોય કે દુશ્મન માટે. અમે કાળાને સફેદ અને સફેદને કાળો કરી શકતા નથી. આપણા હાથમાં રાઈના દાણા જેટલી પણ શક્તિ નથી. પરંતુ ખુદા પોતાના ફઝલથી જે કંઈ આપણને અતા કરે,

દુઆઓ તરફ ધ્યાન દોરતાં અને અલ્લાહ તઆલા પર તવક્કુલ પેદા કરવાની નસીહત કરતાં આપ (અ) ફરમાવે છે: નફ્સની સુધારણા માટે, સારો અંત પ્રાપ્ત કરવા માટે અને નેકીઓ કરવાની તૌફીક પ્રાપ્ત કરવા માટે બીજો પાસો દુઆનો છે. તેમાં જેટલું તવક્કુલ અને અલ્લાહ તઆલા પર વિશ્વાસ રાખવામાં આવશે અને આ માર્ગમાં થાક્યા વિના પગલાં આગળ વધારવામાં આવશે, એટલા જ ઉત્તમ પરિણામો અને ફળો પ્રાપ્ત થશે. તમામ મુશ્કેલીઓ દૂર થઈ જશે અને દુઆ કરનાર તક્વાના ઉચ્ચ સ્થાન પર પહોંચી જશે.

આપ (અ)ના તવક્કુલના પાસાનું વર્ણન કરતાં આપ (અ)ની સીરત-લેખક હઝરત શૈખ યાકૂબ અલી સાહેબ ઇરફાની (રઝિ) લખે છે કે: આપ (અ) તૈયારીના તમામ સાધનો અને કારણો પૂરા કરવામાં સંપૂર્ણ મહેનત અને પ્રયત્ન કરતા હતા, પરંતુ આ સાધનો પર ક્યારેય ભરોસો કરતા ન હતા. બલ્કે દુઆઓ દ્વારા કામ લેતા હતા અને દરેક સમયે ખુદા તઆલાની જાત જ આપની નજર સમક્ષ રહેતી હતી. તે જ આપના મા’બૂદ અને મતલૂબ હતા અને માત્ર તેના પર જ તવક્કુલ અને વિશ્વાસ હતો.

આપ (અ) એ પોતાના એક મુખ્લિસને કરેલી એક નસીહતનો ઉલ્લેખ હઝરત સાહેબઝાદા મિર્ઝા બશીર અહમદ સાહેબ એક રિવાયતમાં કરે છે. હાફિઝ નૂર મુહમ્મદ સાહેબ, વતની ફૈઝુલ્લાહ ચક, એ મને લેખિતમાં જણાવ્યું કે હાફિઝ હામિદ અલી સાહેબ પાસેથી મેં આ હવાલો સાંભળ્યો હતો કે હઝરત અકદસ અલૈહિસ્સલામે ફરમાવ્યું: જો કોઈ મુકદ્દમામાં અથવા કોઈ અન્ય બાબતે હાકિમ સમક્ષ જવાનું હોય, તો જતાં પહેલાં સાત વખત સૂરહ ફાતિહા પઢી લેવી જોઈએ અને સાત વખત પોતાની આંગળીથી પોતાના કપાળ પર ‘યા અઝીઝ’ લખવું જોઈએ. આ રીતે અલ્લાહ તઆલા સફળતા અતા કરે છે.

હઝરત સાહેબઝાદા મિર્ઝા બશીર અહમદ સાહેબ આ અંગે ટિપ્પણી કરતાં લખે છે કે કદાચ આપ (અ) એ આ વાત ગૈરુલ્લાહથી બેનિયાઝી, એટલે કે અલ્લાહ સિવાય બીજા કોઈથી નિર્ભરતા ન રાખવાની સ્થિતિ અને તવક્કુલ અલલ્લાહ, એટલે કે અલ્લાહ પર સંપૂર્ણ ભરોસાની સ્થિતિ પેદા કરવા માટે ફરમાવી હતી.

હુઝૂર અનવરે ફરમાવ્યું: તવક્કુલ અલલ્લાહની અદ્ભુત શાન છે, જે આપણને આપ (અ)માં પોતાના આકા (સ.અ.વ.)ના અનુસરણમાં દરેક જગ્યાએ જોવા મળે છે.

અલ્લાહ તઆલા આપણને પણ તવક્કુલના ઉચ્ચ માપદંડો પ્રાપ્ત કરવાની તૌફીક અતા ફરમાવે.

******

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَ نَسْتَعِیْنُہٗ وَ نَسْتَغْفِرُہٗ وَ نُؤْمِنُ بِہٖ وَ نَتَوَکَّلُ عَلَیْہِ وَ نَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنْ یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَ نَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَ رَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہ اِنَّ اللّٰہَ یَأْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآءِ ذِی الْقُرْبٰی وَ یَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْکَرِ وَ الْبَغْيِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَ ادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَ لَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔